ગુજરાતી શિક્ષણ સંઘ

Consortium of Gujarati Schools

https://www.gujaratischools.org/

# GCSE GUJARATI SPEAKING ENDORSEMENT – 2021

# ROLE PLAY, PICTURE BASED AND CONVERSATION TASKS

Vijyaben Bhanderi

28 November 2020

## Role Play - 2. Range of Language

| | Endorsement | Pass | Merit | Distinction |
|---|---|---|---|---|
| **Grammatical Structures** | **Prompts** | Mostly simple | Manipulates straightforward and occasional complex | Manipulates variety of structures, including complex |
| | **Prompt 1: ખભાથેલીનું વર્ણન** | મારી થેલી કાળા રંગની છે. | મારી થેલી કાળા રંગની અને લાંબા પહોળા પટ્ટાવાળી છે. | મારી ખભાથેલી કાળા રંગની છે અને લાંબા પહોળા પટ્ટાવાળી છે. અંદરના ભાગમાં મારાં નામની નામપટ્ટી પણ ચોટાળેલી છે. |
| | **Prompt 2: ખભાથેલીની અંદરની વસ્તુઓ** | ખભાથેલીની અંદર મારી ઘણી વસ્તુઓ છે. | ખભાથેલીની અંદર મારું કાળા રંગનું પાકીટ, મારાં પુસ્તકો અને ઘરની ચાવી છે. | ખભાથેલીની અંદર મારું કાળા રંગનું પૈસાનું પાકીટ, મારાં ત્રણ-ચાર પુસ્તકો, સફર માટેનાં થોડાં કપડાં, મારી બહેન માટે નાસ્તાનો નાનો ડબ્બો, મારાં ઘરની ચાવી અને મારી વળતી સફરની કોચની ટિકિટ પણ છે. |
| | **Prompt 3: ! ખોવાઈ ગઈ ત્યારે તમે શું કરી રહ્યા હતા?** | હું અમદાવાદ પહોંચી અને કોચમાંથી ઊતરી હતી. | હું મેન્ચેસ્ટર પહોંચી ત્યારે નાની થેલી લઈ કોચમાંથી ઊતરી અને ખભાથેલી લેતાં ભૂલી ગઈ હતી. | હું મેન્ચેસ્ટર પહોંચી ત્યારે નાની થેલી લઈને બીજા મુસાફરો સાથે કોચમાંથી ઊતરી ગઈ અને ખભાથેલી લેતાં જ ભૂલી ગઈ. કોચ મથકથી બહાર નીકળી ત્યારે મને ખ્યાલ આવ્યો કે મારી ખભાથેલી તો કોચમાં જ ભૂલી ગઈ હતી. |
| | **Prompt 4: ? કચેરી – સંપર્કની વિગતો** | હું મારી ખભાથેલી માટે ક્યાં ફોન કરું? | કોચમાં ભૂલી ગયેલી મારી ખભાથેલી વિશે પૂછવા મને ટેલિફન નંબર આપશો? | કોચમાં ભૂલી ગયેલી મારી ખભાથેલી વિશે પૂછપરછ માટે કચેરીનો સંપર્ક કરવા કૃપા કરીને તમે મને ટેલિફોન નંબર આપશો તો તમારી આભારી થઈશ? |
| | **Prompt 5: ? કચેરી - ખુલ્લી રહેવાના સમય** | ખોવાયેલી કચેરી ક્યારે ખુલ્લે છે? | ખોવાયેલી વસ્તુઓની કચેરી ક્યારે ખુલ્લે અને બંધ થાય છે તે મને કહેશો? | મહેરબાની કરીને દિવસ દરમિયાન ખોવાયેલી વસ્તુઓની કચેરીનો ખોલવા અને બંધ થવાનો સમય શો છે તે મને જણાવશો? |
| **Vocabulary & Expressions** | | Limited range of familiar | Relevant and some varied | Range of relevant and variety |
| **Use of tenses** | | Occasional success (with present & past/future) | Generally successful | Mostly successful |

**Speaking Endorsement Criteria**

**Pass, Merit, Distinction, Same criteria applied to Higher and Foundation.**

**Picture based task**

**Example - Topic: Cultural life**




1. આ ફોટાનું વર્ણન કરો.
   *(બીજું કાંઈ?)*
2. મને તહેવારો ઊજવવા ગમે. તમને?
   *(શા માટે / (બીજું કાંઈ?)*
3. તહેવારોની ઉજવણીના શું ફાયદા છે?
   *(બીજું કાંઈ?)*
4. ગયાં વર્ષે તમે નવરાત્રીના તહેવારમાં શું કર્યું હતું?
   *(બીજું કાંઈ?)*
5. ભવિષ્યમાં આ તહેવાર કઈ રીતે ઊજવશો?
   *(શા માટે / (બીજું કાંઈ?)*

# Picture Card - 2. Range of Language

| | Endorsement | Pass | Merit | Distinction |
|---|---|---|---|---|
| Grammatical Structures | Prompts | Mostly simple | Manipulates straightforward and occasional complex | Manipulates variety of structures, including complex |
| | Prompt 1: ફોટાનું વર્ણન | આ ફોટો લંડનના ટ્રફાલ્ગર સ્કેવરનો છે. | આ ફોટો ગયાં વર્ષે લંડનના ટ્રફાલ્ગર સ્કેવરમાં નવરાત્રી ઊજવાઈ હતી ત્યારનો છે. | આ ફોટો ગયાં વર્ષે લંડનના ટ્રફાલ્ગર સ્કેવરમાં જયારે નવરાત્રીનો તહેવાર ધામધૂમથી ઊજવાયો હતો ત્યારનો છે. સુંદર રંગબેરંગી દેશી પોષાકમાં સજ્જ થયેલાં ભાઈ-બહેનો ગરબા રમી રહ્યાં છે. હવામાન પણ સરસ છે કારણ કે તડકો હોય એવું જણાય છે. |
| | Prompt 2: તહેવારો ઊજવવા ગમે, શા માટે? | મને પણ તહેવારો ઊજવવા બહુ ગમે. | મને પણ તહેવારો ઊજવવા બહુ ગમે, કારણ કે નવરાત્રિના નવ દિવસ રાસ-ગરબા રમવાની ખૂબ મજા પડે. | મને પણ તહેવારો ઊજવવા બહુ ગમે, ખાસ કરીને નવરાત્રિ કારણ કે નવરાત્રિના નવ દિવસ સગાં-સંબંધી તેમજ મિત્રો સાથે મળીને સુંદર કપડાં પહેરી રાસ-ગરબા રમવાની ખૂબ મજા પડે છે. |
| | Prompt 3: તહેવારોની ઉજવણીના ફાયદા | એકબીજા સાથે હળવા મળવા મળે છે અને મજા કરી શકાય છે. | એકબીજા સાથે હળવા મળવાનો અને મજા માણવાનો મોકો મળે અને રોજિંદા જીવનમાં થોડો સમય આનંદ માણી શકાય છે. | તહેવારોની ઉજવણી આપણને આપણી સંસ્કૃતિ અને આપણાં મૂળ સાથે જોડી રાખે છે. તે ઉપરાંત, એકબીજા સાથે હળવા મળવાનો અને મજા માણવાનો મોકો મળે પણ છે. રોજિંદા જીવનમાં થોડો સમય આનંદ માણી શકાય. |

| | Endorsement | Pass | Merit | Distinction |
|---|---|---|---|---|
| **Grammatical Structures** | | Mostly simple | Manipulates straightforward and occasional complex | Manipulates variety of structures, including complex |
| ***Continued..*** | **Prompt 4:**<br>**ગયાં વર્ષે નવરાત્રીમાં શું કર્યું હતું** | ગયાં વર્ષે અમે લેસ્ટર ગયાં હતાં. | ગયાં વર્ષે અમે લેસ્ટર મારા કાકા-કાકીને ત્યાં નવરાત્રી ઊજવવા ગયાં હતાં કારણ કે લેસ્ટરની નવરાત્રી વખણાય છે. | ગયાં વર્ષે અમે લેસ્ટરમાં રહેતા મારા કાકા અને કાકીને ત્યાં નવરાત્રીનો તહેવાર ઊજવવા ગયાં હતાં કારણ કે લેસ્ટરમાં નવરાત્રી વખણાય છે.<br>સુંદર સંગીત સાથે ગવાતાં રાસ ગરબાનાં ગીતો સાંભળવાનો અમને લહાવો લેવો હતો,<br>સાથે સાથે ત્યાં રાસ-ગરબા રમવાનો અનુભવ પણ કરવો હતો. |
| | **Prompt 5:**<br>**ભવિષ્યમાં આ તહેવાર કઈ રીતે ઊજવશો** | ભવિષ્યમાં હું નવરાત્રી ઊજવવા અમદાવાદ જઈશ. | અમને અમદાવાદમાં ખુલ્લા મેદાનમાં ગરબા રમવાનો શોખ છે તેથી આવતાં વર્ષે અમે નવરાત્રી ઊજવવા ત્યાં જઈશું. | અમને અમદાવાદમાં ખુલ્લા મેદાનમાં ગરબા રમવાનો શોખ છે તેથી આવતાં વર્ષે અમે નવરાત્રી ઊજવવા ભારત જઈશું. અમે આશા રાખીશું કે આ વર્ષની જેમ આવતાં વર્ષે કોરોના મહામારીનો ભય નહીં હોય અને તેથી અમે અમદાવાદ અવશ્ય જઈ શકીશું. |
| **Vocabulary & Expressions** | | Limited range of familiar | Relevant and some varied | Range of relevant and variety |
| **Use of tenses** | | Occasional success (with present & past/future) | Generally successful | Mostly successful |

**Task 3 – General Conversation based on 2 Themes**

**1st Part - Presentation & Discussion on student's own chosen Example - Topic. 2nd part chosen by Pearson - Topic: Career**

## 2. Range of Language

| | Endorsement | Pass | Merit | Distinction |
|---|---|---|---|---|
| **Grammatical Structures** | **Questions** | Mostly simple | Manipulates straightforward and occasional complex | Manipulates variety of structures, including complex |
| | **Q1.**<br>**શાળાનો અભ્યાસ પૂરો કર્યા પછી તમે શું કરવા માંગો છો?** | શાળાનો અભ્યાસ પૂરો કર્યા પછી હું દાકતર બનવા યુનિવર્સિટીમાં જઈશ. | શાળાનો અભ્યાસ પૂરો કર્યા પછી હું યુનિવર્સિટીમાં દાકતરીનો અભ્યાસ કરવા જઈશ કારણ કે મને દાકતર બની લોકોને મદદ કરવી છે. | શાળાનો અભ્યાસ પૂરો કર્યા પછી હું યુનિવર્સિટીમાં જઈશ કારણ કે હું બીજાં લોકોને મદદ કરી શકું તેથી મને દાકતર બનવું છે. હું માનું છું કે તે માટે મારે ઘણાં વર્ષ અભ્યાસ કરવો પડશે અને બહુ મહેનત કરવી પડશે. પરંતુ દાકતર બનીને દર્દીઓને સાજાં કરવામાં હું જરૂર મદદ કરી શકીશ.<br>તે ઉપરાંત, મને આશા છે કે ભવિષ્યમાં એકાદ વર્ષ ભારતમાં કોઈ સ્વૈચ્છિક કાર્યમાં જોડાઈ ગરીબ લોકોની સેવા કરવાનો મને મોકો પણ મળશે. |
| | **Q2.**<br>**શું તમને આ નિર્ણયો લેવાનું સરળ કે મુશ્કેલ લાગ્યું છે? કેમ?** | મને આ નિર્ણય લેવાનું મુશ્કેલ નથી લાગ્યું કારણ કે મારાં માતાપિતાનો મને સાથ હતો. | મને આ નિર્ણય લેવાનું મુશ્કેલ નથી લાગ્યું કારણ કે મારાં માતાપિતા બંને દાકતર હોવાથી તેઓનો મને પૂરેપૂરો સાથ હતો. | પહેલાં તો મને વૈજ્ઞાનિક બનવાનો વિચાર હતો પરંતુ પાછળથી મને જીવવિજ્ઞાન વિષય વધારે રસપ્રદ લાગ્યો તેથી મેં દાકતરીનો અભ્યાસ કરવાનો નિર્ણય લીધો.<br>આમેય હું જીવવિજ્ઞાન વિષયમાં ખૂબ હોશિયાર છું, તેથી આ નિર્ણય લેવાનું મને જરા પણ મુશ્કેલ નથી લાગ્યું. તે ઉપરાંત, માતાપિતા બંને દાકતર હોવાથી તેઓનો, તેમજ મારાં શિક્ષકોનો પણ મને પૂરેપૂરો સાથ અને સહકાર હતો. |

| | Endorsement | Pass | Merit | Distinction |
|---|---|---|---|---|
| **Grammatical Structures**<br><br>***Continued …*** | **Q3. સ્વૈચ્છિક કાર્ય કરવાના ફાયદા અને ગેરફાયદા શું છે?** | સ્વૈચ્છિક કાર્ય કરવાથી ઘણા ફાયદા થાય છે. | સ્વૈચ્છિક કાર્ય કરવાથી ઘણા ફાયદા થાય છે જેમ કે જુદા જુદા લોકોને મળી શકાય છે. પરતું ગેરફાયદો એ છે કે કોઈ પગાર નથી મળતો. | સ્વૈચ્છિક કાર્ય કરવાથી જુદા જુદા લોકોને મળી શકાય છે. સાથે સાથે આપણને સન્માન મળે છે અને કામનો અનુભવ મળવા સાથે આપણો આત્મવિશ્વાસ વધે છે અને સારૂ કામ કરવાનો સંતોષ પણ થાય છે.<br>તે ઉપરાંત, આપણી નવી નવી ક્ષમતાઓને વિકસાવી શકીએ છીએ. મારા મત પ્રમાણે, ગેરફાયદો માત્ર એ છે કે આવા કામ માટે કોઈ વેતન નથી મળતું. |
| **Vocabulary & Expressions** | | Limited range of familiar | Relevant and some varied | Range of relevant and variety |
| **Use of tenses** | | Occasional success (with present & past/future) | Generally successful | Mostly successful |